# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :



# એલિશા, ચમત્કારોનો વ્યક્તિ


લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Lazarus

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

અનુકૂલન : Ruth Klassen



60 વાર્તા 25

www.M1914.org

*Bible for Children, PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*



પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.


ગુજરાતી

Gujarati



તેઓની પાસેથી પુરા બળદ નહોતા. એક વધુ જરૂરી હતો. પણ તે આ જુવાન ખેડુતને ખેતી કરતા રોકી શક્યો નહીં. જે હતો એલિશા! તેણે બીજા બળદની જગ્યા લીધી.

1



અને એક જૂથ બનાવીને બદળ સાથે કામ કર્યું. તે મજબુત, હોંશિયાર અને મહેનતું વ્યક્તિ હોવો જોઈએ.

2



જ્યારે એલિશા ખેતી કરતો હતો ત્યારે પ્રબોધક એલીયાહ તેની પાસે આવ્યો અને તેને બોલાવ્યો. આ જુવાન માણસે ખેતીનો ધંધો છોડીને ઈશ્વરનો સેવક બનવા નીકળી પડ્યો. એક દિવસે ઈશ્વરે વંટોળીયા દ્વારા એલિયાહને આકાશમાં ઊંચકી લીધો.

એલિશા ઈસ્રાએલનો પ્રબોધક બન્યો.

3



જો કે એલિશા નિરાશ થઈ ગયો કારણ કે એલિયાહ જતો રહ્યો હતો, તેણે પ્રાર્થના કરી કે તેને પણ એલીયાહ જેટલું સામર્થ્ય મળે. એલિશાએ એલીયાહનો ઝભ્ભો લઈ લીધો,

અને વહેતા પાણી પર માર્યો.

4



પાણીના બે ભાગ થઈ ગયાં. હવે એલિશાને ખબર પડી કે ઈશ્વર તેની સાથે હતો.

5



હવે એલિશા એક દિવસે બેથેલ નામે નગરમાં જતો હતો ત્યારે જુવાનીયાએ તેને “હે ટાલિયા આગળ જા.” એવું કહીને મશ્કરી કરી. તેઓએ ધ્યાનમાં ન લીધું કે તે ઈશ્વરનો સેવક છે. ત્યાં આંચકો લાગે તેવી બાબત બની. જંગલમાંથી બે રીંછડીઓ આવીને બેંતાળીસ છોકરાઓને ફાડી નાખ્યા.

6



એક દિવસે એલિશા એક એવી વિધવાને મળ્યો કે જેને ઘણું દેવુ થઈ ગયું હતું. તેના પૈસા પાછા મેળવવા માટે તેના લેણદારો તેના બંને દીકરાઓને ગુલામ તરીકે લઈ ગયા. “જા અને તારા પડોશીઓની પાસેથી વાસણો લઈ આવ ... ખાલી વાસણો,” એલિશાએ કહ્યું. ઈશ્વર તે સ્ત્રી માટે કાંઈક અદ્‌ભૂત કરવા જઈ રહ્યો હતો.

7

તે વિધવા પાસે તેના ઘરમાં ફક્ત એક નાની કૂંડીમાં થોડું જ તેલ હતું. પણ તેણીએ એ જ કુંડીમાંથી તેણે બધા વાસણોમાં એટલું તેલ રેડ્યું કે તેઓ ભરાઈ ગયા. કદાચ તે દિવસોમાં તેની પાસે ન્હાવાનું ટબ (કુંડી) હોય તો તેણે તે પણ ભરી દીધું હોત. તેણીએ તે તેલ વેચીને પોતાના દીકરો બચાવી લીધા.



8

એક સ્ત્રી અને તેના પતિએ એલિશા માટે એક ખાસ મેડી બનાવી કે જ્યાં તે જ્યારે ત્યાંથી પસાર થાય તો તેમાં રહી શકે. તેઓએ તે ઓરડામાં ખાટલો, મેજ, ખુરશી અને દીવી મૂક્યાં. તે ઓરડો તેમણે એલિશા માટે અનામત રાખ્યો.



9

એલિશા વિચારતો હતો કે આ યુગલની કૃપાનો તે કેવી રીતે બદલો વાળી શકે. તેને જ્યારે ખબર પડી કે તેમને બાળકો નથી, ત્યારે તેણે તે સ્ત્રીને એવું કાંઈ કહ્યું કે તે ભાગ્યે જ વિશ્વાસ કરી શકે. “આવતા વર્ષ સુધીમાં તું તારા પોતાના દીકરાને આલિંગન આપશે.” ખાતરીપૂર્વક એક વર્ષના અંતે બાળકનો જન્મ થયો.



10

થોડા વર્ષો પછી જ્યારે તે છોકરો પોતાના પિતા સાથે ખેતરમાં કામ કરતો હતો તેણે પોતાના બાપને કહ્યું, “મારું માથું મારું માથું” જ્યારે તે બાળકને તેની મા પાસે લાવ્યા તે બપોર સુધી ઘૂંટણે પડી રહ્યો અને ત્યારબાદ મરી ગયો. હવે તે માતાએ બાળકને એલિશાના ખાટલામાં સૂવાડી દીધો. તેને મદદ કરી શકે તેમ કોણ હતું?



11

શું તમે એલિશાને કહ્યું? હા તે સાચું જ છે! તેણીએ પોતાનું ગધેડું તૈયાર કર્યું અને ખબૂ જ ઝડપથી નીકળી પડી જેથી તે તેને શોધી કાઢી શકે. એલિશા તેની સાથે તેના ઘરે આવ્યો, ઉપરની મેડી પર એકલો ગયો અને ઈશ્વરને પ્રાર્થના કરી. ઈશ્વરે તે બાળકને ફરી જીવન આપ્યું. એલિશાએ તે સ્ત્રીને બોલાવીને કહ્યું કે આવ અને તારા દીકરાને લઈ જા. તે કેટલી ખુશ થઈ ગઈ હશે.



12



ત્યાં નજીક આવેલા અરામના રાજ્યમાં રાજાનો સેનાપતિ જેનું નામ નામાન હતું, તે નિડર અને બળવાન હતો. પણ તેને એક ભયંકર ચામડીનો રોગ થયેલો હતો, જેનું નામ હતું - કોઢ.

13

નામાનની પત્ની પાસે એક ગુલામ છોકરી હતી કે જેને ઈસ્રાએલના દેશમાંથી પકડી લાવ્યા હતા. આ નાની છોકરીએ કહ્યું, “જો નામાન ઈસ્રાએલના પ્રબોધક પાસે જાય તો કેવું સારૂં! કેમકે ત્યારે તે તેનો કોઢ મટાળી શકે.”



14

તેથી નામાન પ્રબોધકને મળવા
નીકળી પડ્યો. તે ચાંદી, સોનું તથા
સુંદર વસ્ત્રો ભેટ તરીકે લઈને ગયો.



15

એલિશાના ચાકરે આવીને
તેને કહ્યું કે, "જા અને
યરદન નદીમાં સાત વાર
ડૂબકી માર અને તું શુદ્ધ થઈ
જઈશ." નામાનને ભારે
ગુસ્સો આવ્યો. શું હું મારા
અરામની શુદ્ધ નદીઓમાં
સ્નાન કરી શુદ્ધ ન થઈ શકું?
ગુસ્સે થઈને તે પાછો ઘર
તરફ જવા નીકળી ગયો.



16



સદ્ભાગ્યે.
નામાનના ચાકરોએ
તેમને સમજાવ્યો કે તે
એલિશાની આજ્ઞા
માને. તેથી નામાન
યરદન નદીમાં જઈને
સાતવાર ડુબકી
લગાવી.

17



ઈશ્વરે તેના સેવક એલિશાનો
ઉપયોગ તેના મૃત્યુ પછી પણ
કર્યો. એક વ્યક્તિને જ્યાં ઘણા
વર્ષો પહેલા એલિશાને દાટવામાં
આવ્યો હતો તેની પાસે દાટવામાં
આવ્યો. જ્યારે આ માણસનું
શબ પ્રબોધકના હાડકાને અડક્યું
કે તરત જ આ માણસ જીવતો
થઈને પોતાના પગ પર ઉભો
થઈ ગયો. ખરેખર ઈશ્વરે તેનું
મહાન સામર્થ્ય તેના વિશ્વાસુ
ચાકર એલિશા દ્વારા
પ્રગટ કર્યું.

18

એલિશા, ચમત્કારોનો વ્યક્તિ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

૨ રાજા ૨-૧૩

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો
કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ
પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું
ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે,
હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે :
વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા
થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો,
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું.
તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.